# ગાંધીનગરના પનઘટનો રાજયકક્ષાએ રાસ ગરબા સ્પર્ધામાં ડંકો

## રાજ્યકક્ષાએ પ્રાચીન અને અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન મેળવી ગાંધીનગરને ઐતિહાસિક સિદ્ધિ અપાવી







ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં કલા અને સંસ્કૃતિની વૃતિ પ્રવૃતિને સતત વેગ આપવાનુ કામ કરતી સંસ્થા પનઘટ કલા કેન્દ્રએ દેશ વિદેશમાં અનેકવાર ગુજરાતની ગૌરવંતી કલાને રજુ કરી નગરનુ નામ રોશન કર્યુ છે. નગરના અનેક ઉગતા કલાકારોને તાલીમ આપી સ્ટેજ પુરુ પાડ્યુ છે. નગરની સાંસ્કૃતિક ઓળખનો પર્યાય બનતી પનઘટ કલા સંસ્થાના કલાકારો દર વર્ષે સરકાર આયોજિત જિલ્લા અને રાજયકક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં પણ ભાગ લે છે. જયારે આ વર્ષે આ સંસ્થાએ પ્રાચીન અને અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન મેળવી નગરને અનોખી અને ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરાવી છે. ગાંધીનગરના ઈતિહાસમાં રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રાચીન અને અર્વાચીન બન્ને ગરબામાં પનઘટ કલા સંસ્થાએ પ્રથમ ક્રમે વિજેતા બની ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરી છે. સંસ્થાના કલાકારોએ જાનદાર અને શાનદાર પરફોર્મન્સ રજુ કરી શ્રોતાઓના દિલ જીતી લીધા હતા

ગાંધીનગરે કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરવાનુ ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. કલાકારોને સ્ટેજ પુરુ પાડવા સહીત સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી નગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રએ પ્રાચીન અને અર્વાચીન ગરબામાં રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી નવો ઈતિહાસ રચ્યો છે. ગાંધીનગરમાં કલારસિકો અને ગરબાપ્રેમીઓની સંખ્યા વિશેષ છે. નગરની કલા સંસ્થાઓ નવા ઉગતા કલાકારોને તાલીમ આપી ગરવી ગુજરાતની ગૌરવંતી ઓળખને ભાતીગળ અંદાજમાં માત્ર જીવંત જ નથી રાખતી પરંતુ અવલ્લ નંબરે સ્થાન ધરાવાની સિધ્ધિ પણ ધરાવે છે. જયારે આ કલાસંસ્થાઓની યાદીમાં પનઘટ કલા કેન્દ્રનુ નામ મોખરે છે. પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ ભાવિન પટેલ પ્રાચીન અને અર્વાચીન ગરબા નવી પેઢીમાં પણ જીવંત રહે અને તેનુ સંવર્ધન થાય તે માટે ઉત્સુક અને સતત પ્રયત્નશીલ છે. દરવર્ષે યોજાતી જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્રના કલાકારો વિજેતા સ્થાને રહે છે. એટલુ જ નહીં પરંતુ રાજયકક્ષાએ પણ આ કલાકારો ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નગરનુ નામ રોશન કરે છે. દરવર્ષ કરતા આ વર્ષે આ સંસ્થાએ બે કદમ આગળ વધીને પ્રાચીન ગરબાના રાજય કક્ષાના સ્ટેજ પર નવો ઈતિહાસ રચ્યો છે. વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮ માં જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં વિજેતા બની પનઘટ કલા કેન્દ્રએ રાજય કક્ષાની સ્પર્ધામાં પણ પ્રાચીન ગરબામાં પ્રથમ અને અર્વાચીન ગરબામાં દ્વિતીય સ્થાન મેળવ્યુ હતુ. જયારે આ વર્ષે અલબત્ત વર્ષ ૨૦૧૯ માં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા રાજકોટ ખાતે યોજાયેલી રાજય કક્ષાની ગરબા સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્રએ પ્રાચીન અને અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. પનઘટ કલા સંસ્થાની આ ઐતિહાસિક સિધ્ધિથી સમગ્ર રાજય અને ગાંધીનગરને વિશેષ ગૌરવ પ્રાપ્ત થયુ છે. નગરની કલા સંસ્થાઓ તેમજ કલારસિકોએ પણ સંસ્થાની આ સિધ્ધિને બિરદાવી હર્ષની લાગણી વ્યકત કરી છે. રાજયકક્ષાએ વિજેતા થનાર પનઘટ કલા સંસ્થાના કલાકારો મિતી ભટ્ટ, અનુપા પંડયા,હીર શુકલ,વૈદેહી પંડયા, ભવ્યા ભટ્ટ, નૈસર્ગી જોષી , દિવ્યા પંડયા, ભુમા દવે , ધરતી કંદોઇ, ફોરમ તન્ના, જીલ જોષી, કેતા દેસાઈ,ક્રીષ્ના દેસાઈ, મોનિકા ભાટીયા, નિધી હુદાણી, અન્વી શાહ, દીશા ત્રિવેદી, ભાવિકાબા રહેવર સહીતના ખૈલેયાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ટીમને વિજેતા સ્થાન અપાવ્યુ છે. જયારે આ ઉત્કૃષ્ટ પ્રદર્શનમાં જયદીપસિંહ સોલંકી,ચકાભાઈ દેસાઈ , અંકિત પેટલ, મિલન પટેલ,કૃપા પટેલ ,પ્રાચી સાલ્વી, પ્રેરણા તિવારી, ઈશા ભટ્ટ, ખુશ્બુ ભાવસાર, વિશ્વા રાઠોડ, હની ચિતરીયા, અનુજા પુરોહિતે પણ નોંધપાત્ર સહયોગ પુરો પાડયો છે. રાજયકક્ષાની ગરબા સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્રના વાદ્યવંદ તરીકે બલવંત સિંધા, પ્રવિણ સિંધા,દેવાંગ પંચાલ કેયુર સોની,અયાઝ કલાવન્તે સેવા પુરી પાડી હતી. જયારે ભુજના મહેશ સોલંકી અને અમદાવાદના જાણીતા સ્વરકાર નયનેશ જાનીએ અર્વાચિન ગરબાને સુર શબ્દનો સાથ આપીને આ પ્રાચીન અર્વાચીન ગરબાની પ્રસ્તુતિને વધુ ભવ્ય બનાવી હતી.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, આ નવરાત્રી માટે સ્પેશિયલ 'તાડપત્રી'માંથી બનાવેલ ચણિયા - ચોળી જુઓ...

## બાસણ ગામે ગાયને ડબ્બામાં બેસાડતા સમયે ગાયના મૃત્યુથી હોબાળો

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર શહેરમાં સમાવેશ બાસણ ગામે એક ગાયના મૃત્યુંને પગલે હોહા મચી ગઈ હતી ત્યારબાદ પોલીસે જાણવાજોગ ફરીયાદ નોંધી છે. ઢોર પકડ પાર્ટી દ્વારા ગાયને ડબ્બામાં પુરતા સમયે ગાભણી ગાય પડી જતા તેનું મૃત્યું થયું હતું. જેને પગલે પશુ પાલકે આક્ષેપ કર્યો છે કે ગાયને ડંડા મારતા તે પડી ગઈ હતી અને તેનું મૃત્યું નિપજયું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ બાસણ ગામે રબારી રહેતા ભીખાભાઈ બીજલભાઈ દેસાઈ રજુઆત બાદ ગાયના મૃત્યું અંગે જાણવાજોગ નોંધ કરવામાં આવી છે. ગત ગુરુવારના રોજ સાંજે ચાર વાગ્યાના અરસામાં ભીખાભાઈ પોતાની ગાય હવાળામાં પાણી પીવા માટે છુટ્ટી મુકી હતી. આ સમયે ગામમાં રખડતી ગાયો પકડવા માટે ટ્રેકટર લઈને ઢોરપકડ પાર્ટી આવી હતી. ઢોર પકડ પાર્ટીએ ગામની સ્કુલના કેમ્પસમાં કોર્ડન કરીને ઢોર ટ્રેકટરમાં પુરતા હતા. તે સમયે ભીખાભાઈની ગાભણી ગાય પણ ત્યાં હતી. આ ગાયને ટ્રેકટરમાં બેસાડતા હતા તે સમયે પછડાઈને નીચે પડી ગઈ હતી. ત્યારબાદ ગાયનુ મૃત્યું થયું હતું. ગાભણી ગાય બે માસ બાદ બચ્ચાને જન્મ આપવાની હતી. ગાય પાલતુ હોવાથી ટેગ પણ મારવામાં આવ્યો હતો છતા તેને લઈ જવાઈ રહી હતી. ઘટનાને પગલે ડભોડા પોલીસે હાલ તો આ અંગે જાણવાજોગ અરજી કરી ગાયનું પીએમ કરાવ્યું હતું. પોલીસે વિસેરા લઈને એફએસએલમાં મોકલી આપ્યા છે.

## કલ્ચરલ ફોરમની સ્થાપનાના-પ્રસન્નતાના ૨૫મા વર્ષે મહામેદાનમાં ભવ્ય અને દિવ્ય નવરાત્રી ઉજવાશે

### પરંપરાગત ગરબાથી યુવાનોમાં સંસ્કાર સિંચન થાય અને ગાંધીનગરનું નામ વિશ્વગગનમાં ગાજે એ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રયત્નશીલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના યુવાનોમાં-આવનારી પેઢીમાં પરંપરા, સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન થાય એવા ઉદ્દેશ સાથે મા આદ્યશક્તિની આરાધનાનું પર્વ-નવરાત્રી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવવા સ્થાપનાના ૨૫મા વર્ષેગાંધીનગર કલ્ચરલ ફોરમે ગાંધીનગરના મધ્યમાં-વિશાળ રામકથા મેદાન, સેક્ટર-૧૧માં અભૂતપૂર્વ આયોજન કર્યું છે. નવરાત્રી મહોત્સવના વિશિષ્ટ આયોજનથી-ગરબાથી વિશ્વગગનમાં ગાંધીનગરની આગવી ઓળખ ઊભી કરવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રયત્નશીલ છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં આ વર્ષે લહેરાતી ધજાની થીમ પર આંગણું સજાવાઈ રહ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ નવલી નવરાત્રી-૨૦૧૯ના વિશિષ્ટ આયોજન અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, નવરાત્રી મહોત્સવના આયોજનમાં ભવ્યતાની સાથે સાથે દિવ્યતા માટે વિશેષ પ્રયત્નો થઈ રહ્યા છે. ખેલૈયાઓ મોકળાશથી પરંપરાગત રીતે ગરબે રમી શકે એ માટે ૪૬ હજાર ચો.મી. નું વિશાળ મેદાન સજાવાઈ રહ્યું છે. એકી સાથે ૭,૦૦૦ ખેલૈયાઓ ગરબા રમી શકે એવું વિશાળ ડસ્ટ ફ્રી ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરાયું છે. ૧૫,૦૦૦ પ્રેક્ષકો બેસીને ગરબા માણી શકે તેવું આયોજન કરાયું છે.

તારીખ ૨૯ સપ્ટેમ્બરને રવિવારે પહેલા નોરતે બપોરે ૩.૦૦ કલાકે ગાંધીનગરના સેક્ટર-૧૩-બીના પ્લોટ નં.૯૭૬/૨ ની સામેના શક્તિ ચોકમાંથી નવદુર્ગાના નવસ્વરૂપોના રથની શોભાયાત્રા નીકળશે. વિવિધ ગરબા ગ્રુપો સાથે નવદુર્ગાના ટેબ્લો સાથેની ભવ્ય શોભાયાત્રા ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાંથી પસાર થઈને રામકથા મેદાનમાં-ગરબા ગ્રાઉન્ડમાં પહોંચશે. ગાંધીનગરથી છેલ્લા ત્રણ દાયકાથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સભ્યો પવિત્ર યાત્રાધામ અંબાજીથી જ્યોતિ સ્વરૂપ મા અંબાજીને ગાંધીનગર લાવે છે. માતાજીની આ જ્યોતની ભવ્ય શોભાયાત્રા નવરાત્રી મેદાનમાં પહોંચશે અને ત્યાં માતાજીની જ્યોતનું પવિત્રતા પૂર્વક સ્થાપન કરાશે. ગાંધીનગરના ધર્મપ્રેમી નાગરિકોને આ અભૂતપૂર્વ અવસરમાં સહભાગી થવા ભાવભીનું નિમંત્રણ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાથી વિશ્વગગનમાં ગાંધીનગરે આગવી ઓળખ ઊભી કરી છે. ગાંધીનગર ઉપરાંત અન્ય શહેરોના યુવાનો અને વ્યવસાયિક કે કૌટુંબિક રીતે ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા મૂળ ગાંધીનગરના પરિવારો પણ નવરાત્રી દરમિયાન ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણવા ગાંધીનગર આવી જાય છે. આવા તમામ ગરબા ખેલૈયાઓને યોગ્ય પ્રાંગણ પૂરું પાડવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ સતત પ્રયત્નશીલ છે. યુવાન ગરબા ખેલૈયાઓ પણ નવરાત્રીની ઊજવણી પાછળનું શાસ્ત્રોક્ત મહાત્મ્ય સમજે અને આદ્યશક્તિની આરાધનાના આ પર્વને યોગ્ય રીતે ઊજવે એ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં પ્રવેશતાંજ ગાંધીનગર કલ્ચરલ ફોરમની છેલ્લા ૧૩ વર્ષની નવરાત્રી અને મહા આરતીની તસવીરોનું પ્રેક્ષણીય પ્રદર્શન તૈયાર કરાયું છે. મુખ્ય મંચને પિરામીડ આકારે સજાવાઈ રહ્યો છે. મુખ્ય મંચ પર ૪૦ ફૂટ ટ ૪૦ ફૂટ ટ ૪૦ ફૂટની સાઈઝનો પિરામીડ તૈયાર કરાયો છે. નવરાત્રીના લોક મહોત્સવને નાગરિકો પરિવાર સાથે મનભરીને માણી શકે તે માટે ૩૦ જેટલા ફૂડસ્ટોલ્સ પણ આકાર લઈ રહ્યા છે. વાતાવરણને ભાવ-ભક્તિમય બનાવવા વિશેષ પ્રયત્નો હાથ ધરાયા છે. ગાંધીનગરના અને ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા તમામ નાગરિકોને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારવા તથા મા આદ્યશક્તિની આરાધનાનું આ પર્વ ભક્તિભાવપૂર્વક ઊજવવા સૌને ભાવભીનું નિમંત્રણ છે.

### ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગુજરાત અને સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગાંધીનગર કલ્ચરલ ફોરમની વેબ સાઈટwww.gcfgandhinagar.com તથા YouTube પરથી લાઈવ વેબકાસ્ટીંગ કરવામાં આવશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગુજરાતના તમામ નાગરિકો લાઈવ નિહાળી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનું ચાર વેબસાઈટ પરથી વેબકાસ્ટીંગ કરાશે. વિદેશમાં વસતા ગાંધીનગરાઓ યુ-ટ્યૂબ દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનો આનંદ માણે છે.

## શાહપુરના દબાણો તંત્રની ટીમે દૂર કર્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર અને ગિફ્ટસીટી વચ્ચે આવેલ શાહપુર નજીકના ગેરકાયદે દબાણો આજે તંત્રની ટીમ દ્વારા દૂર કરવામાં આવ્યા છે.



શાહપુર નજીક સર્કલ બનાવવામાં આ અડચણરૂપ દબાણો દૂર કરવા નોટીસો આપ્યા પછી પણ દૂર ન કરાતાં તંત્ર દ્વારા આજે આકરા પગલાં લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાંચ રહેણાંકના મકાનો તેમજ ધાર્મિક સ્થળનું દબાણ આજે દૂર કરવામાં આવ્યુ છે. મામલતદાર ગાંધીનગર તેમજ માર્ગ-મકાન વિભાગના કેપીટલ પ્રોજેક્ટના એક્ઝી. એન્જીનીયરની ટીમ આ દબાણો પર જેસીબી અને અન્ય સાધનો સાથે ત્રાટકી હતી.

આખા દિવસની કામગીરીને અંતે આ દબાણો દૂર કરી દેવામાં આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**બી. વી. નાગેશ**

જન્મ. તા. ૩-૧૦-૧૯૬૨ ● સ્વ. તા. ૨૮-૯-૨૦૧૮

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેમણે કરેલા સત્કર્મો જીવે છે.
ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

૧૯૭૭ સેન્ટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલ બેચ

## બેસણું



મારા ધર્મપત્નિ **નીલા સુનિલ પરીખ** તા.૨૬-૦૯-૨૦૧૯ને ગુરૂવારના રોજ આકસ્મીક દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૯-૦૯-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭, ગાંધીનગર**

લિ.

ચંદ્રવદન ગોવિંદલાલ પરીખ
ઉર્વિન ચંદ્રવદન પરીખ
સોનલ ઉર્વિન પરીખ

સુનિલ ચંદ્રવદન પરીખ
શ્રેયા પરીખ
ક્રિત્તી દવે

## બેસણું-કપોળ



અમારા પૂજ્ય માતૃશ્રી **પુષ્પાબેન માણેકલાલ શાહ (વૌઠા)** તા. ૨૭/૯/૨૦૧૯, શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૨૯/૯/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સિંધુધામ, ૨૦/૩૦ના બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર. મો. ૯૩૧૬૫ ૭૩૦૦૯**

લી.

યોગેન્દ્ર માણેકલાલ શાહ
હિતેશ માણેકલાલ શાહ

ધનસુખલાલ માણેકલાલ શાહ
વિનોદચંદ્ર માણેકલાલ શાહ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.